## સાબરકાંઠા જિલ્લામાં તૃતીય દિવસે જુદા જુદા ગામોમાં

# એકતા રથયાત્રાનું પરિભ્રમણ હિંમતનગર અને પ્રાંતિજ તાલુકાના ગામોમાં ભવ્ય આવકાર

(રાજાબાબુ),મોડાસા.તા.૩ર

આગામી તા. ૩૧મી ઓક્ટોબર, ૨૦૧૮ ના રોજ કેવડીયા કોલોની ખાતે દેશના વડાપ્રધાનશ્રીના હસ્તે વિશ્વની સૌથી ઉંચી ૧૮૨ મીટરની લોહપુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલ સાહેબની સ્ટેચ્યુ ઓફ યુનિટી પ્રતિમાના થનારા લોકાર્પણની સાથે લોકચેતનાની શક્તિને જોડવા માટે સમગ્ર સાબરકાંઠા જિલ્લામાં એક્તા રથયાત્રાનું પરીભ્રમણ થઈ રહયુ છે.જેમાં ત્રણ દિવસ દરમિયાન હિંમતનગરના ૨૯ અને પ્રાંતિજ તાલુકાના ૩૧ ગામોમાં રથનું પરીભ્રમણ કર્યુ હતું.

જેમાં તૃતીય દિવસે હિંમતનગરના પોલાજપુર, તાજપુરી, હાપા, કાટવાડ, નાદરી, જીતોડ અને હાજીપુર ગામે જયારે પ્રાંતિજ તાલુકાના જેનપુર, લાલપુર, મેમદપુર, ઘડી, મહાદેવપુરા, મૌછા, વજાપુર, હડમતીયા, તખતગઢ, છાદરાડા, નિકોડીયા, રામપુર (આમોદરા) ગામે રથે પરીભમ્રણ કર્યુ હતું. જયાં ગ્રામજનોએ રથને ભવ્ય આવકાર આપ્યો હતો.

રથના પરીભ્રમણ દરમિયાન સરદાર સાહેબના વ્યક્તિત્વ ઓળખવા, તેમની રાષ્ટ્રભક્તિ અને જીવન ઘડતરના સંદેશાના વ્યાપક પ્રચાર-પ્રસાર થકી એકતાનો સંદેશો પ્રત્યેક વ્યક્તિ સુધી પહોંચાડવાના આશયથી પ્રારંભાયેલી આ એકતાયાત્રામાં ગામોમાં સાહિત્ય વિતરણ અને સરદાર સાહેબના જીવન કવન વિશેની લઘુ ફિલ્મ દર્શાવવામાં આવી હતી. છેલ્લા બે દિવસથી સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર અને પ્રાંતિજ તાલુકાના જુદા જુદા ગામોમાં યોજાયેલી એકતા રથયાત્રામાં ગ્રામ્ય વિસ્તારના જિલ્લા-તાલુકાના અને ગ્રામ્ય વિસ્તારના જિલ્લા-તાલુકાના સદરસ્યો સાથેના પદાધિકારીઓ, અધિકારીઓ, ગામ આગેવાનો વગેરે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.